વેદાન્તની રોશની

વડે

જરથોસ્તી ધર્મ.

ZOROASTRINISM

IN

THE LIGHT OF VEDANTA.

Please do not delay, read to-day and know your really true business, the goal of life, the fate of man, the Eternal Truth verified from time to time by Shri Rama, Shri Krishna, Shri Shankara, Christ and others up to date.

લેખક તથા પ્રકાશક

ધનજીશાહ મે. ખ. હાથીખાનાવાળા.

ઠે૦ ગોપીપુરા, સુરત.

સને ૧૯૨૦ ઇસવી.

વેદાન્તની રોશની

વડે

જરથોસ્તી ધર્મ.

ZOROASTRINISM
IN
THE LIGHT OF VEDANTA.

Please do not delay, read to-day and know your really rue business, the goal of life, the fate of man, the Eternal ruth verified from time to time by Shri Rama, Shri Krishna, Shri Shankara, Christ and others up to date.

લેખક તથા પ્રકાશક

ધનજીશાહ મે. ખ. હાથીખાનાવાળા.

ઠા૦ ગોપીપુરા, સુરત.

સને ૧૯૨૦ ઇસવી.

બનામે ખુદા.

પ્રસ્તાવના.

મારા અદ્વૈત વેદાન્તવાળા લેખ "સુલેહનો સંદેશો" ના સાધન રૂપે આ લેખ પારસી ભાઈઓને પ્રેમપૂર્વક અર્પણ કરૂં છું, એટલે અદ્વૈત વેદાન્તવાળો લેખ વાંચીને આ લેખ વાંચવા ભલામણ કરૂં છું. મહાન વેદાન્તની રોશની વડે પારસી મઝ-હબની કેટલીક બાબદો તથા પારસી માન્યતાઓના ખુલાસા જે હું સમજું છું તે રજુ કરૂં છું. મારો આગલો લેખ નામે "સત્યનો સંદેશો" વાંચીને સુરતની Theosophical Lodge ના માનવંત પ્રમુખ જજ સાહેબ મી. મથુરાજરામ વોહરા જેવા હિન્દુ વિદ્વાન તથા માનવંત જજ સાહેબ મી. ન. દો. ખંડાલે-વાળા તથા મી. અરદેશર બરજોરજી ગોદરેજ જેવા વિચારવંત પારસી રત્નોએ વખાણ કરી એવાં જ્ઞાનનો ફેલાવો થાય એવી ઇચ્છા દરશાવવાથી ઉત્તેજન પકડી આવો લેખ લખ્યા છે તે આશા છે કે પારસી પ્રજાને પસંદ પડશે.

લેખક તથા પ્રકાશક,

ધ. મે. બ. હુ.

બનામે ખુદા.

વિચારવંત પારસી ભાઇઓની સેવામાં.

વેદાન્તની વ્યાખ્યા.

વેદાન્ત એ શું છે તે વિગતે મારા "અદ્વૈત વેદાન્ત" વાળા લેખમાં લખ્યું છે તે વાંચી મારા હમદીન પારસી ભાઇઓને વેદાન્તના નામ માટેની કશી તાસુબી યા ખોટી સુગ હોય તો તે પ્રથમ દૂર કરવી, અને જાણવું જે હિન્દુઓના વેદ અને વેદાન્ત એ બે જુદા જુદા છે. વેદાન્ત એ કાંઇ મૂર્તિપૂજક ધર્મ નથી, પણ એલ્મે-ક્ષ્નુમવાળા પારસી બીરાદરો પોતાના સાહિત્યમાં જેને માટે "વહેદાન્યત" શબ્દ વાપરે છે તેજ આ વેદાન્ત છે. અરબી ભાષામાં "વાહેદ" નો અર્થ એક થાય છે, અને ખોદાય એકજ છે, તેથી ખોદાયનું તે વિશેષ નામ છે. તે ઉપરથી એકત્વ oneness નું જે જ્ઞાન તેજ "વહેદાન્યત" અથવા વેદાન્ત છે, અને પારસી ધર્મ પુસ્તકો મુજબ સ્પેના મીનોની અંતે ફત્તેહ થાય છે તેનુંજ શિક્ષણ વેદાન્ત પૂરૂં પાડે છે, માટે તે જ્ઞાન-વગર તાસુબીએ-ધ્યાનથી વાંચવા મારા ભલા પારસી ભાઇઓને અરજ કરૂં છું, કારણ કે તેમ કીધાથી તેઓ પોતાનો ધર્મ વધુ સારી રીતે સમજતા થશે અને પોતાનું આ જન્મનું ખરૂં કર્તવ્ય શું છે તેથી જાણીતા થશે.

વળી "એલ્મે-ક્ષ્નુમ" વાળા બીરાદરો સાહેબ દેલાન ટોળાં જેવા થવા ઇચ્છે છે તેઓ જાણીને ખુશી થશે કે "સાહેબ દેલ", નો અર્થ "અંતઃકરણ ઉપર કાબુ ધરાવનાર" થાય છે.

અને વેદાન્ત પણ અવ્વલથી આખેર સુધી અંતઃકરણની વૃત્તિઓને કાબુમાં રાખવાનુંજ શિક્ષણ આપે છે. ફરક માત્ર એટલોજ છે કે જ્યારે "એસ્મે–ક્ષ્નુમ"નું જ્ઞાન જે ઘણાં થોડાં વર્ષ ઉપર પગભર થયું છે, તે સંપાદાન કરતી વખતે તેમાં વપરાતા બીકટ શબ્દો અને એબારત સમજવાં મુશકેલ પડે છે ત્યારે વેદાન્ત કે જે હજારો વર્ષથી પળાતું આવેલું છે અને વખતો વખત વધારે સહેલી એબારતમાં રજુ થતું રહેલું છે તે સમજાવવામાં તથા જીજ્ઞાસુને સમજવામાં એટલી બધી મુશકેલી લાગતી નથી. વળી સત્ય શોધક જીજ્ઞાસુ જરથોસ્તી ભાઈઓને ખાસ વેદાન્તનું સત્ય શોધવા માટે તથા તેને પોતાના ધર્મના સત્ય સાથે સરખાવવા બની આવે તે માટે વેદાન્તના અસંખ્ય પુસ્તકો વાંચવાની તકલીફમાંથી ઉગારવા, લગભગ અરધી સદીની મારી ઉમરમાં મેં જાણ્યું તે સંક્ષેપમાં પણ પુરતી સમજ આપે તેવી રીતે "અદ્વૈત વેદાન્ત" માં લખવાની અદના કોશેશ કીધી છે.

ખોદાય અને કુદરત

જાણવાની તલબ રાખનારા ઘણા હોય છે, પણ તે તલબ પૂરી પાડવા જતાં ઘણા જોખમો ખેડવા પડે છે, અને અધવચ્ચે આડાઅવળા ફાંટી જઈ ગુંચવાડે જવાય છે. એવા ગુંચવાડામાં પડતાં પારસી બીરાદરો બચી જાય, અને સત્ય પ્રકાશે એવા નિષ્કામ હેતુથીજ માત્ર આ લેખ લખ્યો છે. માટે મારા વહાલા પારસી બીરાદરોને અરજ કરૂં છું કે કશી પણ તાકુબી વગર બહુ ધ્યાનથી વાંચવું, ખરાં દીલથી સત્ય તારવી કહાડવા વિવેક સહિત ચુનોચેરા કરવી અને મનજલે પહોંચવું.

પૂનર્જન્મ તથા કર્મના કાયદાની ફિલસુફી કોઇ અનુભવી વેદાન્ત જ્ઞાનીને શરણે જઇને શીખવી, અને શંકા સમાધાન કરવું. દીલમાં ઉભરાતા શંકાના સવાલો તે ગુરૂને કહી તેના જવાબ મેળવ્યા પછી મન નહિ માને તો સમજ્યા, પણ ઉપલક સાંભળેલું કે વાંચેલું ટાંકીને તકલીદી તકરારો કરવાથી, અથવા જાહેર પત્રદ્વારા ઉપલક આડાઅવળાં લખાણ કરવાથી કાંઇ સત્ય તો ઢંકાઇ જશે નહિ, પણ પોતેજ જ્ઞાનથી બેનસીબ રહેશો એમ સમજવું. હિંદુઓની વચ્ચે વસવા છતાં એ મનનું સમાધાન કરનારી ફિલસુફીનો જોઇએ તેવો લાભ લઇ શકયા નહિ, અને યુરોપ્યન પ્રજા તરફના મોહને લીધે Theosophical Society તરફથી મળ્યું તે સ્વીકારવા ઘણાં જણ તૈયાર થયા છે, તે ખોદા પાકના શુકરાના કરવા જોગજ છે, કેમકે જ્ઞાન મેળવવાનો તેથી રસ્તો ખુલ્લો થયો છે.

જેઓ કર્મનો કાયદો અથવા પૂનર્જન્મ નહિ માનતાં જનુન કરે છે કે તે માન્યતા અમારી નથી, તેઓની એ નબળાઇ જ્ઞાનીઓ બરાબર સમજે છે, કેમકે "હું અને મારૂં તેજ સાથી સારૂં" એવી વાસના દરેક મનુષ્યના અંતઃકરણમાં હોય છે, પણ ભાઇઓ, તે વાસના જ્ઞાન થવામાં મોટી નડતર સમાન છે એમ સમજીને તે વાસના એટલે અજાનને જીતી જાઓ (મારા અદ્વૈત વેદાન્તનો "મન" નો વિષય જુઓ), અને [illegible] પેગમ્બર સાહેબે ખુદ પોતાનું કહેલું ધ્યાનથી સાંભળવા [illegible] માં ઉતારવા પછી માનવાનો બોધ આપ્યો છે તે તેનું અમલ કરવા તૈયાર થાઓ.

ખોદાય.

ખોદાયને સર્વવ્યાપક માનો તો તમારા શરીરમાં પણ તે હોવોજ જોઇએ, અને ખોદાયને શોધવો હોય તો સૌથી નજદીકની સહીસલામત તમારી પોતાની ખરી જગ્યા તે તમારૂં શરીરજ છે તેમાંજ તેને શોધો. ખોદાય સૌથી સૂક્ષ્મ હોવાથી જીવવાળાં તેમજ જીવ વગરનાં સગળાં સ્વરૂપોમાં સમાયલો હોય છે, પણ અંતઃકરણની બનાવત એવી છે કે તેમાં ખોદાયનું પ્રતિબિંબ પ્રકાશે છે, તેથી અંતઃકરણવાળાને જીંદગી હોય છે, અને અંતઃકરણ વિનાના સ્વરૂપોને જીંદગી હોતી નથી. જેઓ ખોદાયને શોધવાની ખરેખરી તલબ રાખતા હોય તેઓએ તેને અંતઃકરણમાંજ શોધવો. (મારા અદ્વૈત વેદાન્તમાં "અંતઃકરણ સ્વરૂપ તથા આત્માનું સ્વરૂપ" જુઓ). પયગામબર અશે જરથુસ્ત સાહેબ કહે છે કે "ઓ મઝદા અહુરા! ભલા મનની મારફતે હું તમને પહોંચ્યું" (ઇજશને હા. ૨૮ ૫. ૨) એનો અર્થ વેદાન્ત વડે સ્પષ્ટ થાય છે કે મન તે અંતઃકરણજ છે, અને તે અંતઃકરણ મારફતેજ ખોદાયને પહોંચી શકાય છે. તેથીજ પયગામબર પાક ઉપલી દુવા ગુજારે છે. વેદાન્તનું એ સત્ય પયગામબર પાકે આપૂકાર જાહેર કીધું છે તે માટે પારસી તથા હિન્દુ બંનેએ ખુશી થવાનું છે.

જેઓ એમ માને છે કે ખોદાય સાતમે કે નવમે આસમાને છે તે એક નજરે જોતાં ખરૂં છે, પણ સમજ ભુલ એ થાય છે કે તેને કોઇ ઊંચી જગ્યાએ પોતાથી દૂર સમજવામાં આવે છે. એ આસમાનો તે ભુવનો સમજવાં. દાખલા તરીકે એક માટીનો ગોળો બનાવો અને વિચારી જુઓ તો સમજાશે કે તે ગોળામાં માટીનું જડ ભુવન છે, તેમજ પાણી જે માટીથી

સૂક્ષ્મ એટલે બારીક પાતળું તત્વ છે તે પણ માટીની સાથેજ સમાઇને રહેલું છે. એ પાણી તે સૂક્ષ્મ ભુવન છે, અને સૌ કોઇ જાણે છે તેમ હવા એ માટી તથા પાણીથી પણ સૂક્ષ્મ છે, તે હવા પણ એ માટી તથા પાણીવાળા ગોળામાં સમાઇને રહેલી છે; એટલે એ ગોળામાં માટીનું જડ ભુવન, પાણીનું તેનાથી સૂક્ષ્મ ભુવન, અને હવાનું તેનાથી પણ સૂક્ષ્મ ભુવન છે એમ સાધારણ બુદ્ધિથી જણાય છે, અને એક દેખાતા ગોળામાં ત્રણ ભુવનો છે એમ ખુલ્લું સમજાય છે. એવીજ રીતે એક દેખાતા શરીરમાં એકેકથી સૂક્ષ્મ એવાં ત્રણ શરીરો સમાઇને રહેલાં છે, અને તેમજ વિશાળ બ્રહ્માંડમાં પણ એકેકથી સૂક્ષ્મ ભુવનો રહેલાં છે. તેમ કદાચ ત્રણને બદલે સાત કે નવ ભુવનો હોય, અને ખોદાય એવું સૂક્ષ્મ ચૈતન્ય હોય કે શરીર કરતાં એકેકથી બારીક હોઇને ને નવમાં દરજ્જા જેટલું સૂક્ષ્મ ચૈતન્ય હોય, અને માટીના ગોળાના ત્રણ ભુવનો પેઠે નવેનવ ભુવનો એકેકની અંદર એકેકથી સૂક્ષ્મ સમાઇને રહેલાં હોય, તો ખોદાય નવમે આસમાને છે એમ કહેવું એક બારગી ખરૂં ઠરે, છતાં તેની સાથે વેદાન્તનું સત્ય પૂરવાર થાય છે કે શરીરમાં પણ ખોદાય છેજ, બહાર પણ છેજ, દૂર પણ છેજ, અને નજદીકમાં નજદીક પણ છેજ, એવી સમજણ આવે ત્યારેજ ખોદાયને સર્વ વ્યાપક સમજી શકાય.

ખોદાય સર્વજ્ઞ એટલે સઘળું જાણનારો છે, અને સઘળા અંતઃકરણમાં તે હોવાથી પ્રાણી માત્ર શું કરે છે તે બેશક તે જાણે છે. બીજી કોઇ બેહતર રીતે ખોદાય તમે જે જે કરો છો તે સઘળું જુએ જાણે છે એમ પૂરવાર કરી શકાશે નહિ.

આકાશતત્વ, વાયુતત્વ, અગ્નિતત્વ, પાણીતત્વ, અને પૃથ્વિતત્વ એવાં પાંચ તત્વોનું બ્રહ્માંડ બનેલું છે. એ પાંચે તત્વોમાં ખોદાય વ્યાપી રહ્યો છે, અને દરેક પ્રાણી માત્ર જે કાંઇ કરી શકે છે તે, ખોદાય તેના અંતઃકરણમાં પ્રકાશતો હોય છે તેના વડેજ કરી શકે છે, તેથી એવો તે સર્વ શકિતનું મૂળ-છે. ખોદાયને સર્વ શકિતમાન કહેલો તે ખરૂં છે, પણ ખોદાયને બીજી રીતે સર્વ શકિતમાન પુરવાર કરવાનું હવામાં બાચકાં મારવા જેવું થઇ પડે છે. જેઓ એમ માને છે કે જે કાંઇ કરે છે તે ખોદાયજ કરે છે, ઝાડનું પાંદડું પણ તેના હુકમ વિના હાલતું નથી, તે એક રીતે સત્ય છે, પણ ત્યારે એક બદઅમ્લ બદી કરે છે તે પણ શું ખોદાયનેજ લાગુ પાડશો? એનો ખોલાસો મહાન વેદાન્તજ સ્પષ્ટ કરે છે કે ખોદાયને કશું કર્તૃત્વ નથી, એટલે તે પોતે કશું કાર્ય કરતો નથી, તેને કર્તાપણું હોતું નથી. એક ઓરડામાં દીવો પ્રકાશે છે તેના પ્રકાશ વડે ત્યાં તરેહવાર કાર્યો કરી શકાય છે, પણ તે કાર્યના ગુણદોશ દીવાને લાગુ પડતા નથી, તેમ ખોદાય અંતઃકરણમાં પ્રકાશે છે તેથી ખોદાય "વડેજ" સઘળાં કાર્યો થાય છે ખરાં, પણ અંતઃકરણની વૃત્તિ પ્રમાણે શરીરો કાર્ય કરે તેના ગુણદોશ શરીરોનેજ હોય છે, ભિત્તરમાં પ્રકાશતા ખોદાયને કશું લેવું દેવું નથી, ખોદાય "વડેજ" સઘળું કરી શકાય છે એમ સમજવું જોઇએ, પણ સઘળું ખોદાયજ કરે છે એમ સમજવું ભુલાવો ખવાડનારૂં છે.

એવી રીતે દરેક અંતઃકરણમાં ખોદાય પ્રકાશે છે, પણ તેને જન્મ કે મરણ હોતું નથી. પુનર્જન્મના ફેરામાં તો કારણ શરીર અને સૂક્ષ્મ શરીર મળી બન્ને ભેગાં સૂક્ષ્મ શરીરોજ પડે

છે. અને જ્યાં શરીરો હોય ત્યાં ખોદાય તો સર્વવ્યાપક હાઝર-નાઝર હોય છેજ, તેથી શરીરોના અંતઃકરણમાં પ્રતિબિંબ અનાદિ કાળથી પડતું રહે છે, અને તેથી અંતઃકરણમાં સદાનું હુંપણાનું ભાન રહે છે. તે ભાન સાથે દરેક મનુષ્યનું શરીર ફરીફરી જન્મ લે છે, અને ફરીફરી મરે છે, પણ ખોદાયનું પ્રતિબિંબ આ ભુવન ઉપર તેમજ બેહેસ્ત દોજખના ભુવનો ઉપર તે તે શરી-રોને મળયાજ કરે છે, અને તે વડે દરેક મનુષ્ય સલંગ ચાલુ જીંદગી ભોગવે છે. ભલાં ભૂંડા સઘળા ભુવનોમાં ખોદાય સર્વ-વ્યાપક વ્યાપી રહેલો છે, પણ તે સૌથી સૂક્ષ્મ હોવાથી તે ભુવનોથી અલગ (Untouched) રહે છે તે ધ્યાનમાં રાખવું, સૂક્ષ્મ વાસના શરીરનો અંત આવે ત્યારેજ એક વ્યક્તિ (individual) એટલે અનાદિ કાળથી દુઃખ સુખ ભોગવતી એક જીંદગીનો છુટકો થાય છે (મારા અદ્વૈત વેદાન્તમાં "મુક્તિનું સ્વરૂપ" જુઓ).

અવસ્તા.

અવસ્તાની પેઠે વેદમાં પણ ધર્મક્રિયાઓ, બેહેસ્ત દોજખની હસ્તી, તથા ભલી મનશની, ગવશની અને કુનશનીની જરૂરયાત, વિગેરે બહુ વીસ્તારીને સમજાવ્યું છે, અને સાધારણ મગજ શક્તિવાળાઓને માટે ખોદાયને માટે ચાહ અને યકીન આવે અને અંતઃકરણની શુદ્ધિ થાય તેવી ઉમદા યુક્તિઓવાળો ધર્મ રચ્યો છે. એ સર્વ સાધારણ મનુષ્યો માટેનો સર્વ સાધારણ ધર્મ વેદ શીખવે છે. **તે વેદને વેદાન્ત સાથે ભેળી નાખ-વાની પારસી બીરાદરોએ ભુલ કરવી નહિ.** એ વેદ સાધારણ સમજશક્તિવાળા માટે હોવાથી તેમાં ક્રિયાઓને વધુ અગત્ય આપી છે, અને કાળે કરીને જુદા જુદા ફાંટાવાળા ગુરૂઓએ જુદા જુદા ફાંટાવાળી પ્રજાને બરની નવી નવી ક્રિયાઓ

ઉભી કરવાથી, અનેક પંથ અને ક્રિયાઓનો ગુંચવાડો પારસી-ઓની પેઠે વધી ગયો છે. ફક્ત જ્ઞાનીઓ માટેનું વેદાન્તજ નિર્મળ રહી શક્યું છે, કેમકે તેમાં સઘળાં સત્યનું મૂળ છે. સઘળાં નાનાં મોટાં Circles નું તે જાણે Centre છે, અને તે પાળવા તથા સમજવામાં ચહડયાતા અંતઃકરણ સિવાય બીજા કશાંની જરૂર પડતી નથી. તે કાંઇ મૂર્તિપૂજા કે કહેવાતી ભેદી ક્રિયાઓ કરવા ફરમાવતું નથી. વેદનો ક્રિયાવાળો ધર્મ જાણે School ધર્મ છે, અને વેદાન્ત તે જાણે College ધર્મ છે, અને તે ખાસ "વોહુમન" એટલે ભલાં મન વડેજ અંતઃકરણમાં પ્રકાશતા ખોદાયને પહોંચવાનું માત્ર શિક્ષણ આપે છે. તે મારા પારસી બીરાદરો સમક્ષ આ કહેવાતી આગળ વધેલી વીસમી સદીમાં રજુ કરૂં છું. તે સમજમાં ઉતારવાથી પારસી ભાઇઓ વટળી જશે નહિ, પણ જે પારસી સત્ય છે તેનાં મૂળ કારણને વેદાન્ત વડે સમજી શકાશે, અને બેહતર પારસીઓ બનશે, પુરાણા કાળની ભુલ ભાલ સુધરશે અને પારસી મઝહબનો સ્વચ્છ પ્રકાશ ફેલાશે.

વેદની પેઠે અવસ્તાનો ધર્મ કરણીનું ફળ, વિચારનું ફળ અને વાણીનું ફળ, આ ધરતી ઉપર તેમજ બેહેસ્ત દોજખ વિગેરે સૂક્ષ્મ ભુવનો ઉપર ભોગવવાનું કહે છે, પણ વેદાન્ત કહે છે તે યાદ રાખવું કે મુક્તિ મેળવવાનું તેથી બનશે નહિ. કારણ થકી અસર ઉત્પન્ન થવીજ જોઇએ, તેથી ભલાં અથવા ભૂંડાં કાર્યોનું ભલું યા ભૂંડું ફળ નીપજવુંજ જોઇએ. તેથી વેદાન્ત કહે છે કે ક્રિયાઓ ખરેખરી સંપૂર્ણ રીતે ચોકસ કરો તો તે ફળ આપે ખરી, ભલાં કાર્યનો બદલો પણ મળે ખરો,

લેકીન તે ભોગવવા શરીર ધારણ કરવુંજ પડે અને છૂટકો થવા પામે નહિ. એવી રીતે ક્રિયા કરવાથી કે માંત્રવાણી ભણવાથી મુક્તિ મળે અથવા ખોદાયને તે વડે જોઇ જાણી શકાય તે બનવા જોગ નથી. બની શકે તે એટલુંજ કે તેનાં સારાં ફળ માત્ર ભોગવવાનાં મળે, પણ ખોદાયને જોવો જાણવોજ હોય તો પેગામબર સાહેબની માફક ભલાં મન મારફતેજ જોઇ જાણી શકો, માટે મન એટલે અંતઃકરણ પાક કેવી રીતે થાય તેના નિયમો વેદાન્તે શીખવ્યાં છે તે પાળવાથીજ ખોદાયને જોઇ જાણી શકશો (જુઓ મારા અદ્વૈત વેદાન્તમાં " જ્ઞાનને વ્યવહારમાં મુકવાના નિયમો ").

ફળ મેળવવાની ક્રિયાઓ.

ધર્મ ક્રિયાઓ કરવાની નિષ્ટા સારી હોય છે. તે કરવા ધર્મ સંમતી આપે છે, પણ જાદુઇ ક્રિયા દુષ્ટ નિષ્ટાવાળી હોય છે તેની ધર્મ મના કરે છે, છતાં બંન્નેમાં ફળ નિપજાવવાવાળી શકિત એકજ હોય છે અને તે શકિત અંતઃકરણનું મનોબળ છે. ધ્યાન ચોંટાડી રાખનારી ક્રિયાઓ તથા મંત્રો અંતઃકરણનું મનોબળ સ્થિર કરવાની યુકિતઓ માત્ર છે. અંતઃકરણ એટલે મન સ્થિર થવાથી ભિત્તરમાં રહેલા સર્વ શકિતનાં મૂળ આત્મામાંથી માંગો તેવું બળ મળી શકે છે. મંત્રો અને ક્રિયાઓમાં ભેદ નથી, પણ સર્વ ચમત્કારોનો ભેદ મન સ્થિર કરવાથી મળતા આત્મિક બળમાં હોય છે. અને તેના ફળનો આધાર તેના ઉપયોગ ઉપર છે.

મન એકાગ્ર એટલે સ્થિર થવા વિના ઉચ્ચારેલા મંત્રો કશું ફળ નિપજાવી શકતા નથી. જેઓ મંત્રોના ઉચ્ચારની

ધ્રુજણીઓ વિષે કોઇ વિદ્દવાને કહેલી વાતને સરાહગાતી રૂપમાં માની લે છે તેઓએ જાણવું જોઇએ કે મંત્રોના ઉચ્ચાર અને વિચાર (એટલે મન) એકતાન થાય છે તોજ તે વિચાર મુજબનાં ફળ તરફ ધ્રુજણીઓ જાય છે, નહિ તો દરિયાના મોજાની માફક ખડક સાથે ફોકટમાં જઇ અફડે છે, અને તાંકયા વગરના તીરની પેઠે રદ જાય છે. ક્રિયાકામ વડેજ ફળ નિપજાવવું હોય તો ક્રિયા, ક્રિયાના મંત્ર, અને ક્રિયાફળના વિચાર એટલે મન, વાણી અને કાર્ય ત્રણે એકતાન રાખવાંજ જોઇએ. મંત્ર વડે ફળ નિપજાવવું હોય તો મંત્રના ઉચ્ચાર એટલે મંત્રની ભાષા અને મંત્રના ફળનો વિચાર એ બંન્નેને એકતાન રાખવાં જોઇએ. મંત્રના અર્થ સમજ્યા વિનાના ઉચ્ચારો માત્ર કદીપણ વિચાર સાથે એકાન થઇ શકતાં નથી, કેમંકે ભાષા વિના વિચાર થઇ શકતો નથી. એવું હોવાથી યા તો અવસ્તા ભાષા શીખીને યા તો સમજાતી ભાષામાં રચીને મંત્રો ભણવા જોઇએ. પણ જેઓ એકજ વિચાર એકાગ્ર રાખી શકે છે, એટલે અંતઃકરણ એકરૂપ રાખી શકે છે, તેઓને મંત્રો એટલે વાણીની તથા ક્રિયાઓની ઇચ્છિત ફળ નિપજાવવા માટે જરૂર પડતી નથી, કેમકે મન ભુવન ઉપર ઇચ્છિત ફળનું સ્વરૂપ, તથા તેનું નામ એટલે ભાષા, અને તેની ઇચ્છા એટલે વિચાર, એ ત્રણે સાથેજ પ્રકટ થાય છે; એક સિવાય બીજું પ્રકટ થઇ શકતું નથી. એ હુમત, હુખ્ત અને હવરેશ્ત; મનશની, ગવશની અને કુનશની વાળી ત્રીપુટી છે, એટલે એ.કજ સીક્કાની જાણે ત્રણ બાજુઓ છે, ત્રણે બાજુ મળીનેજ એક સીક્કો બને છે. એ ત્રીપુટી સમજનાર ફકત વિચાર એટલે મન વડે આત્મિક બળ મેળવી

ચાહે તે કરી શકે છે. તેને જડ ભુવન એટલે આ દુન્યામાં વાણીવડે કે ક્રિયાવડે પોતાની શક્તિ ખપાવી નાખવી પડતી નથી. વેદાન્ત કહે છે કે ક્રિયા કે મંત્રો કરતાં મુગેમહોંડેની મનોમય કીધેલી ભક્તિનું બળ હજાર ઘણું વધારે હોય છે, કેમકે તેની ધ્રુજણીઓ ઉંચાં ભુવનો ઉપર પ્રકટ થાય છે, અને ફરી વળે છે. એવી રીતે વેદાન્તના શિક્ષણો ઉંચાં ભુવનો ઉપરનોજ વ્યવહાર શીખવે છે તેથીજ તે શ્રેષ્ઠ છે.

માટે વિચારવંત પારસી ભાઇઓને તે નિગાહમાં ઉતરે તો ક્રિયા કરવાની તથા માંથ્રવાણી ભણવાની રીતીમાં હવે સુધારો કરવો જોઇએ, કેમકે અસર વગરની ક્રિયાઓ અને મંત્રો ચાલવા દેવામાં કશો સાર નથી.

મનોબળ વડે ખોદાય તરફ આગળ વધવું હોય તો વિચારબળ વધારવું જોઇએ, અને વિચારબળ વધારવું હોય તો ભાષાબળ વધારવું જોઇએ, કેમકે ઉપર જોઇ ગયાં તેમ ભાષા વડેજ વિચાર છે. જે પ્રજાની ભાષા ખીલેલી હોય છે તેજ પ્રજાનું વિચારબળ પણ બળવાન હોય છે. માટે સામાન્ય પારસી કોમે માતૃભાષા એટલે માદરજબાન પકકી શીખવવાની ખાસ જરૂર પીછાણવી જોઇએ. પેટ ભરવા પારકી ભાષા ભણાવવા જતાં બન્ને ભાષાનું બળ કાચું રહે છે, તેથી પારસી પ્રજા વિચારબળમાં કાચી રહે છે, અને સૂક્ષ્મ બાબદો સમજવામાં નિષ્ફળ જાય છે. વિચાર કરવા માટે માતૃભાષાજ શ્રેષ્ટ છે. તેને પાકી શીખવ્યા બાદ ઇંગ્રેજી યા બીજી કોઇ ભાષા શીખવવી જોઇએ.

ફળ પહોંચાડવાની મરણ ક્રિયાઓ.

સગાં સ્નેહીઓ તરફના પ્રેમને લીધે તેઓને લાભ થાય એવી ક્રિયાઓ કરવા સઘળા ચાહે છે તે કુદરતી છે, પણ તે લાભ પહોંચાડવાની રીત અસરકારક હોવી જોઇએ. મરનારો સૂક્ષ્મ ભુવન ઉપર હસ્તી ભોગવે છે, તેથી તમો જેમ સૂક્ષ્મ ભુવનોથી અંજાણ રહો છો તેમ તેઓ તમારા જગતના જડ પદાર્થોથી અંજાણ રહે છે. તેઓ જડ પદાર્થોને જોઇ શકતા નથી. ખુદ તમારાં જડ શરીરોને પણ જોઇ શકતા નથી. જો જોઇ શકતા હતે તો આખા જગતની એબ જોઇ શકતે, અને નાફરમાન બેટાઓની અને બેવફા સ્ત્રીઓની કેવી વળે તેઓ કરતે તેનો વિચાર કરી જુઓ. સૂક્ષ્મ શરીરની સૂક્ષ્મ આંખો વડે તેઓ જડ પદાર્થો જોઇ શકે તો બીજી સૂક્ષ્મ ઇન્દ્રિયોનો વ્યવહાર પણ કરી શકે, અને ગુજરી ગયા તે સદાના ગુમ થઇ ગયા જેવી સ્થિતિ રહેજ નહિ. અગર તેઓ ફકત જોઇ શકે છે, પણ બીજું કાંઇ કરી શકતાં નથી એમ કોઈ કહે તો આ દુનીયામાં તેઓનાં સગાં સ્નેહીઓ વિગેરે જે કરતુકો કરે છે તે જોઇ જોઇને બિચારાં રૂવાનો એવાં તો રંજીદા રહે કે બેહેસ્તમાં હોવા છતાં તેનું સુખ ભુલી જાય, અને બને તો ત્યાં આપઘાત કરવા નીકળે તો નવાઇ કહેવાય નહિ.

તેઓ તો કરણી મુજબ નવા ભુવન ઉપર નવા વ્યવહારમાં મચી ગયલાં હોય છે. અન્ન, પાણી, વિગેરે જડ શરીરનેજ જોઇએ છે. મરનારોના સૂક્ષ્મ શરીરોને તેની જરૂર હોતી નથી. તેઓ તો માત્ર ભલા વિચારનાંજ જાણે ભૂખ્યાં હોય છે. તેઓન

સૂક્ષ્મ અંતઃકરણમાં તમારા ભલા, હેત ભરેલા વિચારો માત્ર પહોંચે છે, અને તેજ માત્ર તમારા તરફનું તેઓ સ્વીકારી શકે છે, કેમકે મરનારોને જે સૂક્ષ્મ હોય તેજ પહોંચી શકે છે. ભાકુતી ઉચ્ચાર કે વિચાર કરતાં પોતાનાં જીવતાં સગાં વહાલાંઓના હેત ભર્યા ઉચ્ચાર તથા વિચાર તેઓના અંતઃકરણમાં પહોંચીને તેઓને વધારે ખુશહાલ બનાવે એ વધારે બનવા જોગ જણાય છે. રૂવાન માટે જુદાઇના ગમ સહિત પ્રેમ કદિ કરશો નહિ પણ ખુશહાલ પ્રેમના વિચારો કરજો કેમકે તમારા ગમથી તેઓ ગમગીન અને ખુશીથી ખુશહાલ થાય છે. વેદાન્ત કહે છે કે આ જડ શરીરો વચ્ચેજ સગપણ હોય છે, તે જડ શરીર પડયું કે નવાં શરીર અને નવાં સગપણની રચના શરૂ થાય છે, તેથી જેમ તમો વખતના વહેવા સાથે મરનારોને ભુલતા જાઓછો તેમ તેઓ પણ તમને ભુલતાં જાય છે. મરનારોને જડ શરીરોના સગપણને ખાતર વળગેલા રહેવા વેદાન્ત વાજબી રીતે મના કરે છે, કેમકે તેમ કરવાથી લાભ કશોએ નથી. મરનારો માટે શરીર સંબંધનો નહિ પણ આત્મપ્રેમ રાખી બની શકતા હેતભર્યા વિચારો મોકલવા, પણ રૂદન કે પૈસા ખરચી પસતાવો કે ગમ કરવો નહિ, કેમકે ગમના વિચાર પણ હેતના વિચારની પેઠેજ તેઓને ઝટ પહોંચશે, અને તેઓના અંતઃકરણ ગમગીન રહેશે. ગુજરેલાંઓની આવી સ્થિતિ સમજી લઇને ક્રિયા કરનારાઓ, ક્રિયાઓ, ક્રિયાઓ માટે પૈસાના ખરચો વિગેરેની રીતીઓમાં સુધારો કરવો ઘટે છે.

સ્પેનામીનો તથા ગનામીનો.

સ્પેનામીનો તથા ગનામીનો વચ્ચે ચાલુ લડાઇ થાય છે, અંતે સ્પેનામીનોની ફતેહ થાય છે, બન્ને ડાબી અને જમણી બાજુએ રહેલા છે, વિગેરે, ભરમમાં જે જે કહેવાયું છે તેના ભળતાભળતા સૌ કોઇ અર્થ કરે છે. તે ભરમ વેદાન્ત ખોલી નાંખે છે, અને સમજાવે છે કે તેઓ એકજ અંત:કરણની એટલે મનની જુદી જુદી બે વૃત્તિઓ (aspects) માત્ર છે, તેથી ડાબી તથા જમણી બાજુએ રહ્યા છે એમ સાદી ભાષામાં સમજાવેલું લાગે છે. સ્પેનામીનો તે શુદ્ધ મન એટલે જ્ઞાન છે, અને અહેરેમન અથવા ગનામીનો તે અશુદ્ધ મન એટલે અજ્ઞાન છે. શુદ્ધ મનવડે નેકી પ્રકટ થાય છે, અને અશુદ્ધ મન વડે બદી પ્રકટ થાય છે. રફતે રફતે જ્ઞાન અનુભવથી પ્રબળ થતું જાય છે, જ્ઞાન કમી થતું જાય છે, અને આખરે અંધારા ઓરડામાં બતીની રોશની થતાંજ અંધકાર હતો નહિ તેમ રોશનીમાં લય થઇ જાય છે તેમ અંત:કરણમાં જ્ઞાન પ્રકાશતાં અજ્ઞાનનો જ્ઞાનમાં લય થઇ જાય છે. એવી રીતે ગનામીનો હારી ગયલો કહેવાય છે અને સ્પેનામીનો એટલે માત્ર શુદ્ધ મન ફતેહમંદી સાથે પ્રકાશે છે. સ્પેનામીનોની અંતે ફતેહ થવી તે પારસી ધર્મ પ્રમાણે છેવટની નેમ (Goal) છે. વેદાન્ત કહે છે કે તે મુક્તિનીજ સ્થિતિ છે, અને પારસી ધર્મની છેવટની એ નેમને બીજા બોલોમાં વેદાન્ત જીંદગીની છેવટની નેમ મુક્તિ મેળવવાની છે એમ કહે છે, અને સમજાવે છે કે જ્ઞાન થકીજ એટલે શુદ્ધ મન થકીજ તે મેળવી શકાય છે. એવી રીતે અજ્ઞાન

એટલે ગનામીનો સાથે લડાઇ લડીને, તેને જીતીને, શુદ્ધ મન એટલે જ્ઞાન ફતેહ મેળવે છે, તેજ સ્પેનામીનોની ફતેહ કહેવાય છે.

કેટલાક પારસી બીરાદરો અજ્ઞાને રંગ, રૂપ, ન્યાત, જાત, વિગેરે, માત્ર બહારના દેખાવ ઉપરથીજ તોલ કરી કોઇને શ્રેષ્ટ તો કોઇને કનિષ્ટ સમજે છે. તેઓએ આ ઉપરથી જાણવું જોઇએ કે શ્રેષ્ટ હોવાનો ગર્વ અંતઃકરણ શ્રેષ્ટ હોય તોજ છાજે છે, અને જેઓના અંતઃકરણમાં સ્પેનામીનો સ્વચ્છ પ્રકાશે છે, તેઓજ ખરી જરથોસ્તી તરીકત પાળવાની મગરૂરી લઇ શકે. પારસી ભાઇઓ માટે જીંદગી ગુજારવામાં ભલી મનશની એટલે પાક મન રાખવું તેજ ખરી જરથોસ્તી તરીકત છે. દબદબાવાળી ક્રિયાઓ કે ગમે તેવી મોતેબર માંથ્રવાણી, અંતઃકરણ એટલે મનને ભલા વિચાર વિના પાક બનાવી શકતી નથી, પણ ભલા વિચાર (વહુ મન) વડેજ અંતઃકરણમાં સ્પેનામીનો ફતેહ-મંદીથી પ્રકાશી શકે છે, અને તેજ જીંદગીની છેટવની નેમ છે.

એવી રીતે એકજ નેમ બર લાવવાનું પારસી તથા હિન્દુ ધર્મશાસ્ત્રનું ફરમાન છે છતાં, કર્મની ગતી ન્યારી છે કે તેણે કેટલો બધો ભેદભાવ અને જુદાઇનો અંતર વધારી દીધો છે! અસમજણમાં કેટલો બધો ફરક પાડી દીધો છે! દેશ, જાતી તથા રીતરીવાજ વિગેરે દેખાવોની જાહેર જુદાઇ ઉપરથી ભિન્ન-ત્ના [illegible]ને કેટલા બધા ભુલી ગયા છે? વહેદાન્યત ઉપર અજ્ઞાનનો કેવો ઘટ પડદો ફરી વળ્યો છે!

વ્હાલા પારસી બીરાદરો! તમારામાં સત્ય શોધવાની જીજ્ઞાસા ઘણા નહિ તો થોડાઓમાં પ્રકટ થયલી જોઉં છું. તેવા જીજ્ઞાસુ ભાઈઓને તે માટે મુબારકબાદી આપું છું, અને તેઓ આગળ આ સત્ય રજુ કરૂં છું, અને દાદાર અહુરમજ્દ આગળ દુઆ ગુજારૂં છું કે એવા ભાઈઓની જીજ્ઞાસા તૃપ્ત થાઓ અને જ્ઞાનનો પ્રકાશ થાઓ, જેથી તેઓને હાથે ઓછા ખબરદાર ભાઈઓ પણ ભવપાર તરી જાય. આમીન! આમીન! આમીન!

સમાપ્ત.

દીનશાહ શાપુરજી મસાનીએ મુંબઇના કોટમાં નં૦ ૭૫-૭૭ કાવસજી
પટેલ સ્ટ્રીટ ખાતે ધી ફ્રેશો-ગર્દ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું છે, અને
ધનજીશાહ મે. બ. હાથીખાનાવાળાએ પોતાને માટે
સુરત, ગોપીપુરામાં પ્રગટ કર્યું છે.